For the Use of a Registered Medical Practitioner or a Hospital or a Laboratory Only

Abbott

# માર્ગદર્શિકા
# બાળકોમાં ઇન્ફ્લ્યુએન્ઝા (ફ્લૂ) અને રસીકરણ દ્વારા તેનું નિવારણ





# ઇન્ફ્લ્યુએન્ઝા (ફ્લૂ)

ઇન્ફ્લ્યુએન્ઝા વાઇરસના કારણે થતી એક ચેપી બીમારી છે, જે નાક, ગળા અને ફેફસાંને સંક્રમિત કરે છે. ફ્લૂ શરદીથી લગ છે અને સામાન્યપણે એ અચાનક આવે છે. દર વર્ષે લાખો લોકોને હૉસ્પિટલમાં દાખલ થવા, અને હજારો લોકોનાં મૃત્યુ માટે કારણરૂપ બને છે.[1]

## માતા-પિતાઓએ શું જાણવું જોઈએ

### ? ફ્લૂ કેટલી ગંભીર બીમારી છે?

જ્યારે ફ્લૂની બીમારી હળવીથી લઈને ગંભીર હોઈ શકે છે, ત્યારે બાળકોને ઘણી વાર તબીબી સારવારની જરૂર પડી શકે છે. 5 વર્ષથી નાની ઉંમરનાં બાળકો અને લાંબા સમયથી ન્યુમોનિયા, બ્રોન્કાઈટિસ, સિનુસાઈટિસ અને કાનના સંક્રમણ જેવી અમુક સ્વાસ્થ્ય સમસ્યાઓ ધરાવતાં કોઈપણ વયનાં બાળકો માટે ફ્લૂની ગંભીર સમસ્યાઓનું જોખમ અત્યધિક હોય છે. અસ્થમા, ડાયાબીટિસ અને મગજ અથવા જ્ઞાનતંત્રની વિકૃતિઓ જેવી કેટલીક સ્વાસ્થ્ય સમસ્યાઓ છે, જે બાળકોને ફ્લૂથી વધુ સંવેદનશીલ બનાવી શકવા માટે જાણીતી છે.

### ફ્લૂનો ફેલાવો કઈ રીતે થાય છે?[2]

ફ્લૂના વાઈરસ મુખ્યત્વે, જ્યારે ફ્લૂથી પીડિત વ્યક્તિ ખાંસે, છીંકે કે વાત કરે ત્યારે, હવામાં ઊડતાં ટીપાં દ્વારા ફેલાતો હોવાનું માનવામાં આવે છે. આ ટીપાં નજીકનાં કકોકોનાં મોં કે નાકમાં ઉતરી શકે છે. વ્યક્તિને કોઈ વસ્તુ પર ફ્લૂ વાઈરસ હોય તેનો સ્પર્શ કરવાથી અને પછી તેના મોં, આંખો અથવા નાકને સ્પર્શ કરવાથી પણ તેને ફ્લૂ થઈ શકે છે.

### ફ્લૂનાં લક્ષણો કયાં છે?[2]

ફ્લૂનાં લક્ષણોમાં તાવ, ખાંસી, ગળામાં દુખાવો, વહેતું અથવા રૂંધાયેલું નાક, શરીરમાં દુખાવો, માથું દુખવું, ઠંડી લાગવી, થાક લાગવા અને ક્યારેક ઊલ્ટી અને ઝાડા (વયસ્કો કરતાં બાળકોમાં વધુ સામાન્ય) સમાવિષ્ટ થઈ શકે છે. ફ્લૂ ધરાવતા કેટલાક લોકોને તાવ નથી આવતો.

## આપના બાળકનું રક્ષણ કરો



### હું મારા બાળકનું ફ્લૂથી કઈ રીતે રક્ષણ કરી શકું?[2]

- ફ્લૂ સામે રક્ષણ મેળવવાનો પ્રથમ અને સરળ માર્ગ એ છે કે, આપના માટે અને આપના બાળક માટે ફ્લૂની વાર્ષિક રસી મેળવી લેવી.

- 2017નું એક અધ્યયન જણાવે છે કે, ફ્લૂની રસી બાળકોનાં જીવન બચાવી શકે છે.

- દર વર્ષે 6 મહિના અને તેથી વધુ વયના દરેકને માટે ફ્લૂ રસીકરણની ભલામણ કરવામાં આવે છે. ફ્લૂનું ઈન્જેક્શન તથા અનુનાસિક સ્પ્રે ફ્લૂ રસી, બન્ને રસીકરણ માટે વિકલ્પો છે.

- એ વિશેષતઃ મહત્વપૂર્ણ છે કે, નાનાં બાળકો તથા કેટલીક લાંબા ગાળાથી સ્વાસ્થ્ય સમસ્યાઓ ધરાવતાં બાળકોને રસી આપવામાં આવે.

- ફ્લૂની વિકટ સમસ્યાઓ ધરાવતાં બાળકોની સંભાળ રાખનારાઓએ ફ્લૂની રસી લેવી જોઈએ. 6 મહિનાથી નાની ઉંમરનાં બાળકો માટે ફ્લૂની જટિલ સમસ્યાઓનું વધુ જોખમ હોય છે, પરંતુ ફ્લૂની રસી લેવા માટે તેઓ ઘણી નાની વયનાં હોય છે.

- ફ્લૂના વાઈરસ સતત બદલાતા રહે છે, તેથી ફ્લૂના વાઈરસ સામે રક્ષણ આપવા માટે ફ્લૂની રસીમાં સતત સુધારણા કરવામાં આવે છે, જે સંશોધન દર્શાવે છે કે, આગામી ફ્લૂ સિઝન દરમ્યાન બીમારી થવાની સંભાવના છે.

## દર વર્ષે ફ્લૂની રસી લેવી શા માટે અગત્યનું છે?[3]



ફ્લૂના વાઈરસ સતત બદલાતા રહે છે, તેથી ફ્લૂની રસીઓને એક સિઝનથી બીજી સિઝનમાં સુધારવામાં આવી શકે છે, જે સંશોધન સૂચવે છે કે, આગામી ફ્લૂ સિઝન દરમ્યાન સામાન્ય હશે. સમય જતાં ફ્લૂની રસીથી આપનું રક્ષણ ઘટતું જતું હોય છે. શ્રેષ્ઠ રક્ષણ માટે વાર્ષિક રસીકરણ આવશ્યક હોય છે.

## શું ફ્લૂની રસી સલામત છે?[2]

ફ્લૂની રસીઓ ઉત્તમ સલામતી રેકૉર્ડ ધરાવે છે. લાખો લોકોએ દાયકાઓથી સુરક્ષિત રીતે ફ્લૂની રસી મેળવી છે. ફ્લૂનાં ઇન્જેક્શનો અને અનુનાસિક સ્પ્રે રસીકરણ માટે બન્ને વિકલ્પો ઉપલબ્ધ છે. વિભિન્ન વયના લોકો માટે વિવિધ પ્રકારની રસીઓ લાયસન્સ ધરાવે છે. દરેક વ્યક્તિએ તેમની ઉંમર માટે જે યોગ્ય હોય એ પ્રાપ્ત કરવું જોઈએ. 6 મહિના અથવા તેથી વધુ ઉંમરનાં તમામ બાળકો માટે સીડીસી તથા ઇન્ડિયન ઍકેડેમી ઑફ પીડિયાટ્રિક્સ, વાર્ષિક ફ્લૂ રસીની ભલામણ કરે છે.

## ફ્લૂની રસી લેવાના ફાયદા શા છે ?[2]

- ફ્લૂની રસી આપને તથા આપના બાળકને બીમાર પડતાં રોકી શકે છે.
- ફ્લૂના કારણે આપના બાળકને હૉસ્પિટલમાં દાખલ કરવાનું રસી દ્વારા સંભવી શકે છે.
- આપને પોતાનું તથા આપના બાળકનું રસીકરણ કરાવવાથી અન્ય લોકોનું પણ રક્ષણ થઈ શકે છે.
- બાળકોમાં ફ્લૂની રસી જીવન બચાવવાનો ઉપાય બની શકે છે.
- જો આપ બીમાર હો તો ફ્લૂ રસીકરણ આપની બીમારીને પણ અધિક હળવી કરી શકે છે.

## લૂના રસીકરણની આડઅસરો શી છે?[3]




- ફ્લૂનાં ઇન્જેક્શનો: ફ્લૂનાં ઇન્જેક્શનો ફ્લૂનાં મૃત વાઈરસનો (નિષ્ક્રિય રસીઓ માટે) ઉપયોગ કરીને તૈયાર કરવામાં આવે છે, જેથી આપને ફ્લૂનાં ઇન્જેક્શનથી ફ્લૂ ન થઈ શકે.
- જ્યાં ઇન્જેક્શન આપ્યું હોય એ સ્થાને લાલાશ અને /અથવા સોજો, હળવા સ્તરનો તાવ અને દુખાવા જેવી કેટલીક મામૂલી આડઅસર થઈ શકે છે.
- જો આ સમસ્યાઓ ઉદ્દ્ભવે તો એ સામાન્યપણે હળવી હોય છે અને આપમેળે ચાલી જાય છે. પરંતુ ગંભીર આડઅસરો થવી પણ શક્ય છે. ફ્લૂની રસી મેળવનાર લગભગ ભધા લોકોને તેનાથી કોઈ ગંભીર સમસ્યા થતી નથી.

## શું ફ્લૂની રસી ક્રોનિક આરોગ્ય સમસ્યાઓ ધરાવતા મારા બાળક માટે સુરક્ષિત છે?[4]



હા, ફ્લૂની રસીઓ ઉત્કૃષ્ટ સુરક્ષા રેકોર્ડ ધરાવતી હોય છે અને સંખ્યાબંધ 6 મહિનાથી મોટી ઉંમરનાં બાળકો માટે મંજૂર કરવામાં આવી છે, જેમાં સ્વસ્થ બાળકો અને અમુક ક્રોનિક સ્વાસ્થ્ય સ્થિતિઓ ધરાવતાં બાળકોનો સમાવેશ થાય છે. તે એ કારણે કે, દીર્ઘકાલીન આરોગ્યની સ્થિતિ ધરાવતાં બાળકોને ફ્લૂ સંબંધિત જટિલ સમસ્યાઓ થવાનું અત્યધિક જોખમ રહે છે, એ વિશેષતઃ અગત્યનું છે કે, તેઓ રસી મેળવી લે.

## મારા બાળકને ફ્લૂની કઈ રસી અને કેટલા ડોઝ અપાવવા જોઈએ?[4]

સામાન્ય રીતે, ક્રોનિક તબીબી સ્થિતિવાળા બાળકોને ફ્લૂની રસી અપાવવી જોઈએ. આપના સ્વાસ્થ્ય સંભાળ આપનાર શ્રેષ્ઠ રસીનો વિકલ્પ પસંદ કરવામાં મદદ કરી શકે છે. વધુમાં, 9 વર્ષથી નાની ઉંમરનાં બાળકોને, જો તેમને ભૂતકાળમાં રસીના બે ડોઝ અપાવ્યા ન હોય તો, રસીના 2 ડોઝની જરૂર પડી શકે છે. આપના બાળક માટે કેટલા ડોઝની ભલામણ કરવામાં આવે છે તે અંગે આપને સ્વાસ્થ્ય સંભાળ લેનારની સાથે વાત કરો.



## SH/NH ફ્લૂ રસીઓ શું છે?[5]




SH એ દક્ષિણ ગોળાર્ધનો ઉલ્લેખ કરે છે અને NH એ ઉત્તરીય ગોળાર્ધનો ઉલ્લેખ કરે છે. ઈન્ફલ્યુએન્ઝા રસીના સંદર્ભમાં વપરાયેલ SH/NH ભૌગોલિક ગોળાર્ધ નથી, પરંતુ મોસમના સંદર્ભમાં છે. SH એ એવા દેશોને ઉલ્લેખિત કરે છે, જ્યાં એપ્રિલ–જુલાઈથી ઈન્ફલ્યુએન્ઝાની સિઝન ટોચ પર હોય છે. ગઈ એ એવા દેશોનો ઉલ્લેખ કરે છે, જ્યાં ઑક્ટોબર–ફેબ્રુઆરીથી ઈન્ફલ્યુએન્ઝા સિઝન ટોચ પર હોય છે.

# ભારત કઈ સિઝન અંતર્ગત આવે છે?

- a. ભારત ઉષ્ણકટિબંધીય દેશ છે, જ્યાં ઇન્ફ્લ્યૂએન્ઝા વર્ષ દરમ્યાન ફરે છે અને એ દેશના મોટા ભાગના હિસ્સાઓમાં ચોમાસા દરમ્યાન સર્વાધિક હોય છે.[6]
- b. આથી, વાર્ષિક રસીકરણનું નવીનતમ સ્ટ્રેઇન મેળવવાની સલાહ આપવામાં આવે છે. આપના બાળરોગ નિષ્ણાત આપને આપના નિવાસના પ્રદેશ માટે શ્રેષ્ઠ સમય વિશે માર્ગદર્શન આપશે.[7]


## શું આ પીડાહિત રસી છે?



ઇન્ફ્લ્યુએન્ઝા રસીઓ વપરાશ માટે સલામત હોય છે. ઇન્જેક્શનના સ્થાને દુખાવો, લાલાશ, તાવ જેવી પ્રતિકૂળ અસરો, સ્પ્લિટ ઇન્ફ્લ્યુએન્ઝા પ્રકારની સબયુનિટ રસીમાં ઓછી હોય છે.[8]

## સ્પ્લિટ વિરિયન અને સબયુનિટ રસી વચ્ચે શો તફાવત છે? કઈ વધુ સારી છે?[8]

સબયુનિટ રસી એ સૌથી અદ્યતન ૩જી પેઢીની રસી છે, જે અત્યંત શુદ્ધ છે. એમાં ન્યુક્લિક મેટર અશુદ્ધિઓ સામેલ હોતી નથી, જે સ્પ્લિટ વિરિયન રસીમાં હાજર હોય છે. આને લઈને સબયુનિટ રસીની સરખામણીમાં સ્પ્લિટ વિરિયન રસીમાં વધુ પ્રતિકૂળ ઘટનાઓ સંભવી શકે છે. સ્પ્લિટ અને સબયુનિટ રસી દ્વારા અપાતું રક્ષણ એકસમાન હોય છે.




## કયા પ્રકારની ફ્લૂ રસીઓ ઉપલબ્ધ છે?

બહુવિધ પ્રકારની ફ્લૂની રસીઓ ઉપલબ્ધ છે; જો કે, આપના ડોક્ટરને નવીનતમ સ્ટ્રેઈનની અત્યાધુનિક ૩જી જનરેશનની સબ્યુનિટ ઇન્ફ્લુએન્ઝા રસી માટે પૂછો. આ પ્રકારની રસીમાં દુખાવો, લાલાશ, સોજા અને તાવ જેવી ઓછી સ્થાનિક અને સર્વાંગી પ્રતિક્રિયાઓ હોય છે.



વધુ જાણવા માટે

# 3જી જનરેશનની ઇન્ફ્લ્યુએન્ઝા રસી વિશે

આપના ડોક્ટર સાથે વાત કરો


**References:**

1. https://www.cdc.gov/flu/pdf/freeresources/updated/FluGuideParents-updated 2. Flu guide for parents Flyer (cdc.gov) as accessed on 25/11/2021 3. Why get a Flu vaccine? (cdc.gov) as accessed on 25/11/2021 4. FluGuideParentsChronic-updated.pdf (cdc.gov) as accessed on 25/11/2021 5. https://www.who.int/news-room/fact-sheets/detail/influenza-(seasonal) as accessed on 25/11/2021 6. https://www.who.int/tools/flunet 7. https://iapindia.org/pdf/124587-IAP-GUIDE-BOOK-ON-IMMUNIZATION-18-19.pdf ; accessed on 28th July 2020 @ 7:20 PM 8. aMeta-analysis comparing subunit vaccines and either split or whole virus vaccines CI, confidence interval; LR, local reaction; SR, systemic reaction Source: Beyer WE, et al. Clin Drug Investig 1998;15:1–12.



This information material is meant for general awareness purposes and does not substitute to a doctor advise or replace healthcare professional's independent judgement or opinion. In case of any doubt or for more information, please contact your doctor. Although due care has been taken to ensure the accuracy and completeness of the information, Abbott India Limited and their representatives shall not be liable in any manner whatsoever for any action on the basis of this information material and does not hold itself liable for any consequences, legal or otherwise, arising out of information in this material. Images used in the information material are for representation purposes only.



Abbott

**Abbott India Limited,**
16th Floor, Godrej BKC, Plot C-68, G' Block, Bandra Kurla Complex,
Near MCA Club, Bandra (E), Mumbai - 400051



GLU